# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAANS

**Editor : S. SAM SELVA RAJ** **16 Languages** **Associate Editor : Bro. Pankaj C. Wadia**

VOL: XXIII YEAR OF OUR LORD JESUS CHRIST, 2021 - FEBRUARY NO: 1


## પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**ગીતશાસ્ત્ર : ૩૭:૧-૧૦**

૧. ભૂંડું કરનારાઓને લીધે તું ખીજવાઈશ નહિ. અને અન્યાય કરનારાઓની ઈર્ષા કરીશ નહિ.

૨. કેમ કે તેઓ તો જલદી ઘાસની પેઠે કપાઈ જશે, અને લીલી વનસ્પતિની માફક ચીમળાઈ જશે.

૩. યહોવા પર ભરોસો રાખ અને ભલું કર; દેશમાં રહે, અને વિશ્ર્વાસુપણાની પાછળ લાગ.

૪. જેથી તું યહોવામાં આનંદ કરીશ; અને તે તારા હૃદયની ઇચ્છાઓ પૂરી પાડશે.

૫. તારા માર્ગો યહોવાને સોંપ; તેના પર ભરોસો રાખ, અને તે તને ફળીભૂત કરશે.

૬. તે તારા ન્યાયપણાને અજવાળાની પેઠે, અને તારા ન્યાયને બપોરની પેઠે તેજસ્વી કરશે.

૭. યહોવાની આગળ શાંત થા, અને તેની વાટ જો; જે પોતાના માર્ગે આબાદ થાય છે, અને જે કુયુકિતઓથી ફાવી જાય છે, તેને લીધે તું ખીજવાઇશ નહિ.

૮. રોષને છોડ ને કોપનો ત્યાગ કર; તું ખીજવાઈશ મા, તેથી દુષ્કર્મ જ નીપજે છે.

૯. કેમ કે દુષ્કર્મીઓનો સંહાર થશે; પણ યહોવા પર ભરોસો રાખનારાઓ દેશનું વતન પામશે.

૧૦. કેમ કે થોડા વખતમાં દુષ્ટો હતા ન હતા થશે; તુ તેના મકાનને ખંતથી શોધશે, પણ તેનું નામનિશાન જડશે નહિ.

# ઇશ્ર્વરના બાળકોનો વારસો!

**(પાળક એસ. સામ સેલ્વરાજ દ્વારા મુખ્ય મંડળી પર આપવામાં આવેલો સંદેશો)**

**"પણ હવે, હે યાકૂબ, તારો ઉત્પન્નકર્તા યહોવા, ને હે ઇસ્ત્રાએલ, તારો બનાવનાર એવું કહે છે કે, તું બીશ મા, કેમ કે મેં તારો ઉદ્ધાર કર્યો છે; મેં તારૂં નામ લઈને તને બોલાવ્યો છે, તું મારો છે."**(યશાયા૪૩:૧).

અહિ આપણે ઇશ્ર્વરના અદ્‌ભૂત વચન જોઈએ છીએ. આ દુનિયાના બધા લોકોનો આની સાથે સંબંધ નથી. ઇશ્ર્વરના સર્વ વચનો, જે આપણે પવિત્રશાસ્ત્રમાં જોઈએ છીએ તે તેમના બાળકો માટે છે. વધુ ચોકક્સ રીતે જોતા, આ વચનો એવા લોકો માટે છે, જેમણે પ્રભુ ઇસુને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર્યો હોય અને પવિત્ર જીવન જીવે છે, તેમની આજ્ઞાઓ પાળીને, અને જેમણે રૂપાંતરનો અનુભવ કર્યો હોય તેમના મનના નવીનીકરણ દ્વારા. (રોમનોને પત્ર ૧૨:૨)

જો કે કોઈ સમાજના એક આગળ પડતા વ્યક્તિ છે અથવા રાજકીય આગેવાન, તો પણ આ આશીર્વાદો તેમને/તેણીને પહોંચતા નથી. જેમ આગળ કહયું તેમ, આ આશીર્વાદો એવા લોકો સુધી પહોંચે છે જેમણે રૂપાંતરનો અનુભવ કર્યો હોય, તેમના મનનાં નવીનીકરણ દ્વારા. આવા લોકોના હૃદયો સર્વ મલિનતાથી અને દુષ્ટ વિચારોથી મુક્ત હોય છે અને તેમના વિચારો સાફ હોય છે. મનમા નવીનીકરણને મેળવતા, ઇસુ સિવાય ત્યાં બીજો કોઈ માર્ગ નથી. ઇસું ખ્રિસ્ત કોઈ વ્યક્તિને અદ્‌ભૂત રીતે બદલે છે. કોઈ પણ દુન્યવી બાબત અથવા સંપતિ, ખ્યાતિ અથવા કોઈ પણ શક્તિ જે આ દુનિયામાં મળી રહે, તે એ વ્યક્તિમાં આ પ્રકારનું પરિવર્તન લાવી શક્તી નથી. ઇસુમાં વિશ્ર્વાસ કરો, અને રૂપાંતરીત થાઓ! આવો જેઓ તમને જુઓ છે, તે તમારા પર ભરોસો રાખે. આવો જેઓ તમને જુઓ છે, તે તમારા પર પ્રેમ કરે.

મારા પાળક જી. સુંદરમે એક ઘટનાનું વર્ણન કર્યુ હતું. એક કુટુંબમાં, પુત્રએ તેના માબાપથી દુર જવા પ્રયત્ન કર્યો હતો, કેમ કે તે તેના ખરાબ મિત્રોથી પ્રભાવિત થયો હતો. જો કે તેના માબાપે તેને તેમ ન કરવાની સલાહ આપી હતી, તેમનું સાંભળ્યું ન હતું. તેની માએ તેને ઘણી આજીજી કરી હતી, પણ તેણે તેણીનું પણ સાંભળ્યું ન હતું. અંતે, તેની માએ તેને કહયું, "દીકરા, મને તારા શર્ટ પર થોડા શબ્દો ટાંકવા દે. તે શર્ટ ભુલ્યા વગર કોઈ પણ સંજોગોમાં પહેરજે" તેણીએ શબ્દો ટાંક્યા, "હું શાહી લોહીથી સંબંધિત છું." તેણે તે શર્ટ પહેર્યુ. જેમ આપણે પવિત્રશાસ્ત્રમાં વાંચીએ છીએ, તેમ આ છોકરાએ પોતાના સર્વ નાણાં ખર્ચી નાખ્યા અને તેની સંપત્તિ પણ અને હવે તે મરવા પડ્યો હતો. તે સમયે તેના શર્ટ પર ટાંકેલા શબ્દોએ તેની સાથે બોલવાનું શરૂ કર્યુ. હું "શાહી લોહીથી સંબંધિત છું." એ શબ્દોએ

(અનુસંધાન પાન ૩ પર)

# ઇસુના તેડાનો પ્રતિધ્વનિ–૧૯૬૯ થી
# તેમના સાદનો પ્રતિસાદ
## આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.

અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલી અને આફ્રિકન્સ માસિક સામાયિક



**“ઘોડો યુદ્ધનાં દિવસને વાસ્તે તૈયાર કરવામાં આવે છે. પણ ફતેહ તો યહોવાથી જ મળે છે.”** (નીતિવચનો ૨૧:૩૧)

ઇસુ ખ્રિસ્તમાં વહાલા મિત્રો,

અમે તમને આપણા પ્રભુ અને તારણહાર ઇસુ ખ્રિસ્તનાં નામમાં સલામ કહીએ છીએ

તમે કેમ છો? અમે ઘણા આનંદથી ઉભરાઈ જઈએ છીએ જ્યારે અમે તમારા વિશેં વિચાર કરીએ છીએ અને ઇશ્વરના અદ્‌ભૂત પ્રેમ વિશે, જેણે આપણને સ્વર્ગીય પ્રેમમાં બાંધી રાખ્યા છે. હા, આપણો સંબંધ દુન્યવી નથી પણ અનંતકાળનો છે. તમને જાણીને આશ્ર્ચર્ય થશે કે અમે તમને અને તમારા વહાલાઓને કૃપાના સિંહાસન આગળ યાદ કરવાનું ભુલતા નથી. ઇશ્વર નક્કી તમને આશીર્વાદિત કરે અને તમારા જીવનના દરેક વિસ્તારોમાં તમારૂં રક્ષણ કરે.

તેઓ તમારી અને તમારા વહાલાઓની આસપાસ અને તમારી મિલકતોની આસપાસ એક વાડ બાંધશે. ઇશ્વર પ્રભુ તમને ભુલી જશે નહિ કે તમને છોડી દેશે નહિ, આપણા ઇશ્વર પ્રભુ ઇસુ ખ્રિસ્ત કહે છે, “ હું તારી સાથે મારો કરાર સ્થાપીશ; ત્યારે તું જાણશે કે હું યહોવા છું.” (હઝકિયેલ ૧૬:૬૨).

દુનિયાના વિવિધ ભાગોના લોકોને થયેલ નુકસાન અંગે અમને સમાચારો મળી રહ્યા છે. પણ ઇશ્વર પ્રભુ આ મહામારીનાં સમયમાં પણ આપણને સંભાળી રાખે છે. તેથી આપણે તેમનો આભાર માનવો જોઈએ.

અમારા મિશન વિસ્તારોમાં, અમારી મંડળીઓ અને સભ્યો, ઇકો ઓફ હીજ કોલ પ્રકાશનો, સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કુલ, નહેમ્યાહ બાઈબલ કોલેજો, બાઈબલકોર-પત્રવ્યવહાર અભ્યાસક્રમો, સંચાલનતંત્ર, નાણાંકિય વગેરે બાબતોની કાળજી લેતા, અમે ઘણ્યા વ્યસ્ત છીએ. વિવિધ વર્ણવી ન શકાય તેવા પ્રતિકુળ સંજોગો હોવા છતાં, અમે અમારી રોજની પ્રવૃતિઓમાં ઇશ્વરના હાથને કામ કરતો જોઈ શકીએ છીએ. અમે જોયું છે કે ડર અને જીવનમાં અસુરક્ષિતાના કારણે, આ મહામારીએ સામાન્ય લોકોના મનો પર અસર કરી છે. નાણાંકિય વિસ્તારમાં અમે પણ મુસ્કેલીઓ અનુભવીએ છીએ. પણ તે ઉપરાંત આપણી પાસે જીવતા તારણહારનું અચળ વચન છે, “ વળી આપણે જાણીએ છીએ કે જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે.” (રોમનોને પત્ર ૮:૨૮).

જો તમે પણ કોઈ પ્રકારના દુઃખમાંથી પસાર થઈ રહ્યા છો, તો મહેરબાની કરીને જાણો કે આપણા પ્રભુ ઇસુ ખ્રિસ્ત તમારી કોઈ પણ પરિસ્થિતિઓમાં તમારી સાથે છે.

અમારી મંડળીઓની પ્રવૃત્તિઓ અને બીજા અન્ય કાર્યક્રમો રાખેતા મુજબ ચાલે છે. તમારી પ્રાર્થનાઓ અને સહાયતા માટે ઘણો આભાર. ઇશ્વર તમને આશીર્વાદ આપો!

તમારા સેવકો,

**પાળક સામ અને સેમસન**

---

(પાન ૧થી આગળ)

તેના હૃદય પર ઊંડી અસર કરી. અંતે તે તેના માબાપને શોધવા બહાર નીકળ્યો. તેને જોઈને, તેના માબાપ તેને આત્મિયતાંથી ભેટયાં અને તે તેના કુટુંબમાં પાછો જોડાયો.




CHIEF EDITORS
Pastor S. Sam Selva Raj
Angeline Selvakumari Henry, M.A., M.Ed.
MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
ADMINISTRATION
Bro. N. Prakasam, M.A., General Manager
EDITORIAL BOARD
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M. Phil., B.Ed.
Head Qrs. CO-ORDINATORS
Bro. John Rodrigues
Sis. E. Daisy Rani
ADVISORY BOARD
Adv. Jose Abraham
Adv. N. Balaji, B.Com., B.L.
Dr. S. Rabinder Boaz, M.S.
Er. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM)
Aud. K. Puratchivendan, M.Com., B.L.
Bro. Rajeswaran Samuel, B.Com.

PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+91-44) 2852 8282
2852 9293, 2854 7766
Email : sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
Websites :
www.echoofhiscall.org
www.echoofhiscall.com

**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) · BIBLECOR - Postal Courses (3 languages) · Theological Correspondence Courses (2 languages) · Church Planting · Nehemiah Bible Colleges · Gospel Printing Press · Great Commission Partners · Village English High School · Crusades · 100 Prayer Warriors · Community Development

ભારતનાં ઘણા ખરા લોકોને પ્રભુના અને તારનાર ઇસુ ખ્રિસ્તના શુભ સમાચાર વહેંચી શકીશું.

આ દર્શન પૂરૂ કરવા માટે, પ્રથમ વિશ્વાસુ અને સમર્પિત લોકોની જરૂર છે, જે અમારી સાથે આ મોટા પ્રયાસમાં પ્રાર્થના દ્વારા હાથ મિલાવી શકે અને બીજુ આ ભાષાઓનાં **ઇકો ઓફ હીજ કોલ**ના માટે ભાષાંતર અને ડીટીપી કાર્ય માટે અમને યોગ્ય વ્યક્તિઓની જરૂર છે.

કેમ કે તમે **ઇકો ઓફ હીજ કોલના** વાચકો, પ્રાર્થના યોધ્ધાઓ અને સમર્થકો આ વર્ષો દરમિયાન રહયા છો, આ ચાર ભાષાઓમાં **ઇકો ઓફ હીજ કોલ** સામયિક પ્રકાશિત કરવા માટે અમે તમારા વિચારો અને સંકલન માટે તમને વિનંતી કરીએ છીએ. તમારા સૂચનો અને વિચારો આ ચાર કાશ્મિરી, સિંધિ, કોંકણી અને સંસ્કૃત ભાષાઓ જે વણખેડાયેલા લોકો બોલે છે, ત્યાં સુધી લઈ જવામાં ઘણા સહાયરૂપ થશે.

જો કે આ વણખેડાયેલા સમુદાયોમાં, જાતિઓમાં પહોંચવું ઘણું મુશ્કેલ છે, તો પણ અમને લાગે છે, કે અમે અમારી મિનિસ્ટ્રીનું દર્શન છોડી દેવું ન જોઇએ જ્યાં સુધી આ દુનિયાની છેલ્લી વ્યક્તિ સુધી તે ન પહોંચે અને તેઓ તેના/તેણીના તારનાર અને ઇશ્વર તરીકે પ્રભુ ઇસુ ખ્રિસ્તને જાણી શકે. "યહોવા કહે છે, તમે મારા સાક્ષી છો, ને મારા સેવકને મેં પસંદ કર્યો છે કે જેથી તમે મને જાણો, ને મારો ભરોસો કરો ને સમજો કે હું તે છું; મારા પહેલા કોઇ દેવ થયો નથી, ને મારી પાછળ કોઈ થવાનો નથી. હું, હું જ યહોવા છું; અને મારા વિના બીજો કોઈ ત્રાતા નથી. મેં તો વિહિત કર્યુ છે, બચાવ કર્યો છે, ને સંભળાવ્યું છે, અને તમારામાં કોઈ અન્ય દેવ નહોતો; માટે યહોવા કહે છે, તમે મારા સાક્ષી છો, હું જ દેવ છું. વળી આજથી હું તે છું; મારા હાથમાંથી કોઈ છોડાવનાર નથી; હું જે કામ કરૂં છું, તેને કોણ ઊંધું વાળશે? તમારો ઉધ્ધાર કરનાર, ઇસ્રાએલનો પવિત્ર દેવ યહોવા, એવું કહે છે કે, તમારે માટે મેં સૈન્યને બાબિલ મોકલ્યું છે, અને હું સર્વને, એટલે તેઓનાં મોજ કરવાના વહાણોમાં ખાલદીઓને નાસી જનારની પેઠે પાડી નાખીશ. હું યહોવા, તમારો પવિત્ર દેવ, ઇસ્રાએલને ઉત્પન્ન કરનાર, તમારો રાજા છું. જે યહોવા સમુદ્રમાં માર્ગ, ને જબરાં પાણીમાં રસ્તો કરી આપે છે." (યશાયા ૪૩:૧૦-૧૬)

અમે આ પત્ર સાથે તમારા પ્રતિસાદની રાહ જોઈ રહયા છીએ.

**આ ૨૦૨૧નાં નવા વર્ષમાં ઇશ્વર તમને વધુ ને વધુ આશીર્વાદ આપો અને તમને નવા સામર્થ્ય, શક્તિ, સમજણ અને દીર્ઘાયુષ્ય સાથે આગળ વધવામાં સહાય કરો એ આ તમારા માટે અમારી પ્રાર્થના છે.**

તમારા સેવકો,
**પાળક સામ અને સેમસન**

---

(પાન ૧થી આગળ)

ત્યારે તેઓ સામર્થ્ય અને સત્તા સાથે બોલે છે. જે સુવાર્તાનો તેઓ ઉપદેશ આપે છે, તે ખ્રિસ્તની આત્મીયતાની સાક્ષી અને પવિત્ર સંગતની સાથે હોય છે. અને તેઓ મંડળીજનોનાં જીવનોમાં શરૂ થયેલા તફાવતને જોઈ શકે છે.

હું એક બાપ્ટિસ્ટ પાળકનો પણ વિચાર કરૂં છુ, જેણે એક સમયે મોટી ઇમારત બાંધવાની યોજના કરી હતી. તેના સભાજનો ઝડપથી વધી રહયા હતા, અને તે ચર્ચ વધવાની ચળવળને જોવાનો અભ્યાસ કરી રહયો હતો. પણ પછી તેની પત્નિને પ્રાર્થના કરવા માટે અને ઇશ્વરને શોધવા માટે ઉત્તેજના થઈ હતી. અને તરત જ પાળક પણ તેમ કરવા લાગ્યા. તેણે તરત જ મોટી સંખ્યાનું સ્વપ્ન છોડી દીધું અને તે જે ઉપદેશ આપતો હતો, તેની સાક્ષી બનવા લાગ્યો.

તાજેતરના ઉપદેશ માટે, પાળકે ચર્ચની આગળ એક મોટો પડદો મુક્યો. તેણે તેના સભાજનોને કહયું, "ઇશ્વરનો આત્મા મારી સાથે આ મંડળીના પાપો વિશે વાત કરી રહ્યો છે અને આજે આપણે આપણી આંખોથી તે આપણી આગળ જોઈ રહયા છીએ!"

ત્યાર બાદ પાળકે પાપ પછી પાપ પડદા પર રજુ કર્યા, વ્યભિચાર, જારકર્મ, મદ્યપાન, માદક પદાર્થનું સેવન, અશ્લીલતા, પછી પાળકે તેનું ભાષણ આપવાનું ચાલું કર્યુ, "આપણે મોટું ચર્ચ મકાન હવે બાંધવાના નથી. આપણે બીજુ કઇ કરી શકીએ તે પહેલાં આપણે સીધા જ ખ્રિસ્તના જીવંત મંદિરમાં પહોંચવાનું છે. આપણે પ્રથમ આ સુવાર્તામાં જીવવાનું છે!"

આજે તે મંડળીમાં ઇશ્વરનો આત્મા મોટી રીતે કામ કરી રહયો છે. લોકો ઇશ્વર પાસે આવી રહયા છે તેમના જીવનો સોંપતા-કારણ કે તેઓએ સાક્ષી સાથે સુવાર્તા સાંભળી છે!

હું જુવાન અને વૃદ્ધ બન્ને પ્રકારના સેવકોનાં કામથી અચરજ અને ગુંચવણમાં મુકાવ છું, જેઓ મંડળીના વિકાસ કરવા માટેની તેમની વ્યુહરચના શોધવા દુનિયાભરમાં જઇ રહયા છે. આજે, ઘણા ઉપદેશકો પરિસંવાદો, સંમેલનોમાં અને વૈચારીક જુથોમાં હાજરી આપે છે. અહિં જુવાન સેવકો વ્યવસાયિક રીતે નકશાઓ અને આંકડાઓ દ્વારા તેમને કેવી રીતે મોટા ચર્ચો બાંધવા તે બતાવે છે. બીજા સેવકો "જાગૃતિઓની" સભાઓ ભરે છે આશા રાખીને કે નવી પદ્ધતિઓ શીખીને કેવી રીતે પવિત્ર આત્મા તેમના સભાજનો પર આવે.

**ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ તમારા જેવા ઇકો ઓફ હીજ કોલ સામાયિકના લવાજમ ધારકોની સહાય વડે, વાચકો વડે, અને તમારા જેવા મિત્રોના સ્વૈછીક દાનો વડે મદદ મેળવે છે. ખુશીથી આપનારને દેવ ચાહે છે. (૨ કરિંથીઓને પત્ર ૯:૭), હરકોઇ રીતે, સર્વેની સાથે, સર્વના જેવો, કોઈ પણ માર્ગે, દરેક રીતે, કેટલાકની જેમ. (૧ કરિંથીઓને પત્ર ૯:૨૨) - સંપાદક**

(પાન ૩થી આગળ)

હમણા, મિશન સોસોયટીઓ પહેલા કરતા વધારે કાર્યકરોને બહાર મોકલે છે. તેમનું કહેવું છે કે, "અમારે મિશન વિસ્તારોમાં વધુ મનુષ્યબળ જોઈએ છે! ખ્રિસ્તમાં દેશો જીતવા વધુ શીખેલા સ્ત્રી પુરૂષોની જરૂર છે."

પણ થોડા જ વર્ષોમાં જેઓ મોકલાયા હતા. તેમાંના ઘણા મિશનરીઓ પાછા ઘરે આવી જાય છે. તેમને તે વિદેશી દેશોમાંના શેતાનિક પરિબળોથી મારવામાં આવે છે, નિરાશ કરવામાં આવે છે અને તેઓ નિષ્ફળ જાયછે. કેમ? તેમના જીવનો તેઓ જે સુવાર્તા પ્રચાર કરે છે; તેની સાક્ષે બંધબેસતા બરાબરી કરતા નથી! તેઓ ક્યાર પણ પ્રાથમિક જ્ઞાનનો વિકાસ કરતા નથી અથવા ખ્રિસ્તની સર્વોપરિતા અથવા પવિત્ર આત્માની પૂર્ણતા.

વહાલાઓ, આ કલ્પનાઓ અથવા રચનાઓ કરતા વધારે છે; ખ્રિસ્તને માટે દેશોને સ્પર્શ કરવા માટે. આપણી બધી યોજનાઓ વ્યર્થ છે જો આપણા જીવનોમાં ઇસુનો અભિષેક ન હોય તો..

## આ તો સમયની દુર્ઘટના છે જ્યારે ખ્રિસ્તવિરોધી દળો આવા મોટા સામર્થ્ય સાથે આવી રહ્યા છે!

ઇતિહાસમા ક્યારે પણ નરકના પેટમાંથી આવો જંગલી ઘસારો થયો નથી. અધર્મ પૃથ્વી પર ફેલાઈ રહ્યો છે, દેશો દેશોની વિરૂદ્ધ થયા છે. અને આ બધુ થઈ રહયું છે, કારણ કે શેતાને તેના શેતાની પરિબળોને સંતોની વિરૂદધના અંતિમ લડાઈનાં છુટા મૂક્યા છે.

તો પણ ઇશ્વર ક્યારે પણ દુનિયામાં જે કંઈ થઈ રહયું છે, તેનાથી અજાણ રહેતા નથી. તેઓ ભયાનક મરકી કે રક્તરંજીત ગર્ભપાતથી આશ્ચર્ય પામતા નથી. તેથી, આ ગરબડ અને દુરાચરાણના સમયમાં તેમનો પ્રતિવાદ કેવો છે? તેઓ ધર્મત્યાગ અને વધતી જતી શેતાની શકિતઓની વિરૂદ્ધ મારણ તરીકે શું સૂચવે છે?

તેમનો જવાબ હમેશની જેમ એક સરખો જ છે. ખ્રિસ્તના વિજયને તાજો કરતા પાછો આગળ લાવવો. ઇશ્વરે હમેશા પ્રતિભાવ આપ્યો છે, પૂરુષો અને સ્ત્રીઓના તાજા શેષ ઊભા કરીને જેઓ તેમના બચાવ અને બલિદાનનાં સામર્થ્ય માટે શુદ્ધ સાક્ષી બની રહે છે. આજ આજે સત્ય છે, તેમની યોજના એ છે કે આ ખ્રિસ્તવિરોધના દેખાવની સામે અલગ જુદા ખ્રિસ્તથી ભરપૂર લોકોને લાવવા ધાર્મિક માણસો અને સ્ત્રીઓ, જેઓ તેમના રાજ્યમાં અને સર્વોપરિતામાં સમર્પિત થઈને જીવશે!

## આપણે પવિત્રશાસ્ત્રમાં આ નમૂનો જોયો છે!

મિસરમાંના ઇસ્ત્રાએલના દુઃખનો વિચાર કરો. ઇશ્વરનું રાજય ઘણું નાશમાં હતું, વધતા જતાં વ્યભિચાર સાથે. શેતાનની સામે ઇસ્ત્રાએલ ઘુંટણિયે પડયું હતું, ઇસુની શક્તિઓમાં હેરાફેરી કરીને તેમની વિરુદ્ધ નિયમો બનાવ્યા હતા અને તેમની સતાવણી કરી હતી. દુશ્મન પૃથ્વી પર ઇશ્વરની સાક્ષીની મજાક ઉડાડતો હતો.

તે ઇસ્ત્રાએલના ઇતિહાસનો અંધકારમય સમય હતો. અને સમય જતા, લોકો નિરાશ થતા હતા. તેઓ પાછા હઠતા ગયા અને મિસરના આનંદમાં, વિષયવાસનામાં લલચાતા ગયા હતા. મૂર્તિપૂજા અને વ્યભિચાર વ્યાપક બન્યા હતા.

આ અંધકારની વધતી શક્તિ સામે ઇશ્વરનો પ્રતિભાવ કેવો હતો? શું તેમણે આજુબાજુના સામ્રાજ્યોને તેમના હથિયાર તરીકે મિસરની વિરુદ્ધ ઉશ્કેર્યા હતા? શું તેમણે મિસરીઓની વચ્ચે ગૃહયુદ્ધ ઊભુ કર્યુ હતુ? શું તેમણે બદલો લેનાર દુતોને મોકલ્યા હતા? ના ઇશ્રરે આ કશું ન કર્યુ. તેઓ પાસે એક અલગ જ યોજના હતી. તેને બદલે, તેમણે પોતાનો હાથ એક એક વ્યક્તિ પર, મૂસા પર મૂકીને, તેને ઊભો કર્યો હતો.

મૂસા પૂર્ણ રીતે ઇશ્વરને આધીન, પ્રાર્થનાવાદી માણસ હતો. તેણે મિસરના આનંદ, આરામ અને લાલચોનો નકાર કર્યો અને તેને બદલે પવિત્ર આત્માના પૂર્ણ નિયમ નીચે રહયો. તેની પાસે તેની પોતાની કોઈ કાર્યસૂચિ અથવા કોઈ મહત્વકાંક્ષા ન હતી. તેણે પોતાની સઘળી માનવીય ક્ષમતા છોડી દીધી હતી અને તેની એકમાત્ર વ્યવસ્થીત અને સાધન તરીકે, મહાન "હું જે છું" પર આધાર રાખ્યો હતો. અને તે પવિત્ર જગ્યાએથી આવ્યો હતો, ઇશ્વરના પવિત્રતાના પ્રાથમિક દર્શન સાથે.

તેથી ઇસ્ત્રાએલના અંધકારમય સમયમાં, જ્યારે એમ લાગતું હતું કે ઇશ્વરનાં લોકો દુશ્મનની સામે નાશ પામશે, ઇશ્વરે આ બધા વચ્ચે આ માણસને ઊભો કર્યો જે તેમની સાક્ષીરૂપ બન્યો હતો. અને આ એક માણસે આખા દેશને નમાવ્યો હતો જ્યારે પોતાના દેશને ઉપર ઉઠાવ્યો. ઇશ્વરે આ સર્વ એક માણસ મારફત કર્યુ હતું!

## આપણે આજ નમૂનાને શમુએલમાં અંકિત થયેલો જોઈએ છીએ.

અહિં આપણે એક બીજી વંશાવળીને દૂરાચરણ સાથે પાછા હઠતા જોઇએ છીએ. તે સમયે, કરારકોશ ઇસ્ત્રાએલમાંથી જતો રહયો હતો. એલી, દેશનો પ્રમુખ યાજક, આળસુ અને આત્મસંતોષી હતો, તેના પુત્રોએ યાજકપદ ભ્રષ્ટ કર્યુ હતું પણ તેણે તેમને અટકાવ્યા ન હતા. તેમની આગેવાની નીચે, મંદિરમાં વ્યભિચાર અને ભ્રષ્ટતા વ્યાપક બની હતી. પણ એલી તેના આરામદાયક જીવનનો એટલો આદી બની ગયો હતો કે તેણે તેમને રોકવા કશું ન કર્યુ.

તે વખતે ઇશ્વરે સઘળી ધાર્મિક પદ્ધતિ પર એક શબ્દ લખ્યો, "ઇખાબોદ!, જેનો અર્થ છે, "યહોવાનું ગૌરવ જતું રહયું છે." ફરી એક વાર, શેતાની પરિબળો વધુ બળ સાથે વધી રહયા હતા. અને સામાન્ય નજરમાં, ઇશ્વરના કાર્યએ ઘણુ ગુમાવ્યું હતું, જેથી પુનઃપ્રાપ્તિ અસંભવ લાગતી હતી.

પણ ઇશ્વર પાસે દરેક જગ્યા માટે એક માણસ હતો. એક નાનું બાળક જેનું નામ શમુએલ હતું, જ્યારે તેની આસપાસના સર્વ સેવકો વ્યભિચાર અને ખાઉધરાપણમાં લલચાયેલા હતા, ત્યારે શમુએલ ઇશ્વરના અવાજને સાંભળવાનું શીખી રહયો હતો. અને તે યહોવા દેવની સાથે વધુ ને વધુ આત્મીય થતો ગયો, પવિત્ર આત્માએ તેને પ્રબોધકીય શબ્દથી ભરી દીધો હતો. તે એક સાક્ષીરૂપ બની ગયો હતો. ઇશ્વરના સામર્થ્યનો જીવતો પુરાવો.

પવિત્રશાસ્ત્ર કહે છે કે શમુએલ વધતો

(અનુસંધાન પાન ૬ પર)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશમાં સહકાર્યકરો

TO SHARE (Galatians 6:2), SUPPORT (Romans 12:13) & SPEED UP (II Timothy 1:6)

## Praise & Prayer Points

### સ્તુતિ અને પ્રાર્થનાની વિનંતીઓ / મુદ્દાઓ- ૧૯ જાન્યુઆરી ૨૦૨૧ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી

(મેહરબાની કરીને આ પાનું કાઢો, તેને વાળો અને તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાથના કરો)

### ઈશ્વર કાર્ય કરે છે. સ્તુતિનાં મુદ્દાઓ / વિનંતિઓ

૧૯ જાન્યુઆરી : ઇશ્વરે અમારી નવા વર્ષની રાત્રીસભાને આશીર્વાદિત કરી છે.

૨૦ જાન્યુઆરી : અમારા મુખ્ય ચર્ચમાંની અમારી ડિસેમ્બર મહિનાની સર્વ પ્રવૃત્તિઓને ઇશ્વર આશીર્વાદિત કરી છે.

૨૧ જાન્યુઆરી : ઇશ્વરે અમારૂં સુવાર્તા સાહિત્ય જે ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાય છે અને મિશન વિસ્તારોમાં મોકલાય છે, તેને આશીર્વાદિત કર્યુ છે.

૨૨ જાન્યુઆરી : ઇશ્વરે અમને **ઇકો ઓફ હીજ કોલ** મણિપુરી ભાષામાં શરૂ કરવામાં સહાય કરી છે.

૨૩ જાન્યુઆરી : ઇશ્વરે અમારી સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળાનાં ઓનલાઈન વર્ગોને આશીર્વાદિત કર્યા છે.

૨૪ જાન્યુઆરી : આપણા સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળાના શિક્ષકો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૫ જાન્યુઆરી : આવો આપણા બાઈબલકોર-બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ અને ઇશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૬ જાન્યુઆરી : આપણા સર્વ સહસંપાદકો અને તેમના કુટુંબના સભ્યો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૭ જાન્યુઆરી : અમારૂં દર્શન છે કે **ઇકો ઓફ હીજ કોલ** બીજી અન્ય ભાષાઓમાં પ્રસારીત થાય તેને માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૮ જાન્યુઆરી : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોને અને તેમના કુટુંબના સભ્યોને માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૯ જાન્યુઆરી : અમારી બાઈબલ કોલેજ ફરી શુરૂ કરવા બદ્દલ આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૩૦ જાન્યુઆરી : ઇશ્વરે અમારી મિશન મુસાફરીને આશીર્વાદિત કરી છે.

૩૧ જાન્યુઆરી : આપણા રાજ્ય કો-ઓર્ડીનેટરો માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

૦૧ ફેબ્રુઆરી : પાછલા મહિનાની **ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**ની સર્વ પ્રવૃત્તિઓને ઇશ્વરે આશીર્વાદિત કરી છે.

૦૨ ફેબ્રુઆરી : આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને આપણા ઇશ્વર દરેક દુષ્ટ પરિબળોથી રક્ષણ આપે છે.

૦૩ ફેબ્રુઆરી : ઇશ્વરે અમારી મંડળીમાં પાછલા મહિનામાં નવા આત્માઓ લાવવામાં સહાય કરી છે અને તેમને આશીર્વાદિત કર્યો છે.

### પ્રાર્થનાનાં મુદ્દાઓ / વિનંતિઓ

૦૪ ફેબ્રુઆરી : ઇશ્વર ૨૦૨૧ નાં નવા વર્ષમાં ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ માટે જરૂર નાણાની વ્યવસ્થા કરે.

૦૫ ફેબ્રુઆરી : વર્ષ ૨૦૨૦ માં અમારા જે મિત્રોએ અમારી મિશન વિસ્તારોની મુલાકાત લીધી હતી, તેમને ઇશ્વર આશીર્વાદ આપો.

૦૬ ફેબ્રુઆરી : અમારા સર્વ વાચકોને ઇશ્વર ૨૦૨૧ના નવા વર્ષમાં આશીર્વાદિત કરે.

૦૭ ફેબ્રુઆરી : આપણા અંગ્રેજી સહસંપાદક ભાઈ એમ. પોલરાજની સંપૂર્ણ સાજાપણા માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખીએ.

૦૮ ફેબ્રુઆરી : આવો મણિપુરી ભાષાના સહસંપાદક રેવ. ડો. રીશિકાંતા સોરોખાઈબાનને માટે પ્રાર્થના કરીએ.

૦૯ ફેબ્રુઆરી : વ્યસન આદતમાંથી, લતમાંથી ઇશ્વર લોકોને છોડાવે.

૧૦ ફેબ્રુઆરી : દૂરસ્થ વિસ્તારોમાંના અમારા મિશનરીઓની સેવાને ઇશ્વર રક્ષણ પૂરૂ પાડે.

૧૦ ફેબ્રુઆરી : ઉત્તર ભારતના મિશનરીઓના રક્ષણ માટે અને તેમની દોરવણી માટે આવો પ્રાર્થના કરીએ.

૧૨ ફેબ્રુઆરી : સર્વ દેશોમાંથી કોરોનાની નાબૂદી માટે આવો પ્રાર્થના કરીએ.

૧૩ ફેબ્રુઆરી : અમારા સુવાર્તા છાપખાના માટે અમને ઇશ્વરના આશીર્વાદની જરૂર છે.

૧૪ ફેબ્રુઆરી : સર્વ સંપ્રદાયોની મંડળીઓના વિશ્વાસીઓમાં આપસમાં પ્રેમ રહે.

૧૫ ફેબ્રુઆરી : સર્વ દેશોના સરહદી વિસ્તારોમાં ઇશ્વર શાંતિ સ્થાપે.

૧૬ ફેબ્રુઆરી : ઇશ્વર અમારી સંસ્થાઓ અને તેમાંના કાર્યકરો પર ૨૦૨૧નાં નવા વર્ષમાં નવો અભિષેક મોકલે.

૧૭ ફેબ્રુઆરી : દુનિયાભરના સર્વ રાજકીય પક્ષો અને તેમના આગેવાનો ઇશ્વરને ઓળખે.

૧૮ ફેબ્રુઆરી : ઇશ્વર આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબને સર્વ પ્રકારના દુષ્ટ પરિબળોથી રક્ષણ આપવાનું ચાલું રાખો.

(પાન૪ થી આગળ...)

ગયો અને તેના કોઈ પણ વચનો ખાલી નહિ ગયા-અર્થાત તે સતત સામર્થ્ય અને અધિકાર સાથે બોલતો ગયો. અને તેના ઇશ્વરીય અધિકારને કારણે, કોઈ પણ દેશ ઇસ્ત્રાએલની સામે ચાલીસ વર્ષો સુધી હાથ ઉઠાવી શક્યા નહિ.

ફરી એક વાર, યહોવા દેવે એકલ માણસને ઉપર ઉઠાવ્યો આખા દેશની સાક્ષીરૂપે. ઇશ્વરને સૈન્યની જરૂર નથી, કોઈ માનવીય સંસ્થાની જરૂર નથી. કંઇ નવું કરવાની જરૂર નથી. ફક્ત તેમને એક ન્યાયી માણસની જરૂર હોય છે. એક એવા માણસની, જેની સેવા તેમના પવિત્ર માર્ગને પૂર્ણ રીતે સમર્પિત હોય.

## આપણે આ નમૂનો નહેમ્યાહના સમયમાં જોયો

નહેમ્યાહના દિવસોમાં, યરૂશાલેમનો કોટ ખંડેર અવસ્થામાં હતો, શહેર વાસ્તવિકરીતે પત્થરોનો ઢગલો થઈ ગયું હતું. અને મંડળી પૂર્ણ રીતે પાછી હઠી ગઈ હતી, કોઈ પણ સાક્ષીરૂપ રહ્યા ન હતા. દુષ્ટ ભળો જે ઇસ્ત્રાએલની આસપાસ હતા, તેઓ જે કંઈ કાર્ય કરતા, તેની તેઓ મજાક ઉડાડતા, તેમની સતાવણી કરતા હતા.

આવા અવશેષોના સમયમાં ઇશ્વરનો પ્રતિસાદ કેવો હતો? શું તેમણે કોટની દિવાલ મોકલી-શુશામાંથી પ્રશિક્ષિત સૈન્યો સહાય માટે મોકલ્યા? શું તેમણે મહેલના ચોકીદારને મુખ્ય શત્રુઓ પર હુમલો કરવા મોકલ્યો હતો? ના, ઇશ્વરે ફરી એક વાર એકલ માણસને ઊભો કર્યો-નહેમ્યાહ.

અહિ એક એવો માણસ હતો જેના હૃદયમાં ઇશ્વરનો બોજ હતો. નહેમ્યાહે પોતાનો સમય, પ્રાર્થના કરવામાં, ઉપવાસ કરવામાં અને શોક કરવામાં વિતાવ્યો, કારણકે તે ઇસ્ત્રાએલની પરિસ્થિતિથી ભાંગી ગયો હતો. તે ઇશ્વરના વચનમાં પણ ઊંડો ઊતરતો ગયો, ભવિષ્યવાણી પ્રમાણે કરતા અને આત્મામાં ઉભરતા.

જો કે નહેમ્યાહ આર્તાહશાસ્તા રાજાના પાત્રવાહક તરીકે સેવા આપતો હતો, તે આસપાસની સર્વ દુષ્ટતાથી અલગ રહ્યો હતો. વિષયવાસના, અધમતા અને નાસ્તિકતાની વચ્ચે, જે ઇસ્ત્રાએલમાં થઈ રહી હતી, તેની વચમાં પણ તે યહોવા દેવની સાથે પવિત્રતાથી ચાલ્યો. અને બદલામાં, જે કોઈએ તેનો ઉપદેશ સાંભળ્યો, તે આત્મામાં શુધ્ધ થયો!

તરત જ, પવિત્રતાની ધર્મજાગૃતિ દેશમાં ફરી વળી. "યાજકોએ તથા લેવીઓએ પોતે પવિત્ર થઈને લોકોને, દરવાજાઓને તથા કોટને પવિત્ર કર્યા." (નહેમ્યાહ ૧૨:૩૦). ઇશ્વરનું ઘર પણ શુદ્ધ કરવામાં આવ્યું, દરેક દૈહિક બાબતો બહાર કાઢવામાં આવી. નહેમ્યાહે મંદિરમાં સેવકો મોકલ્યા, તેમને એમ કહીને કે,"મને અંદરની દરેક મલિનતાનો ભાગ અહિથી બહાર કાઢવા છે. કેમ કે મૂર્તિપૂજા અથવા વિષયવાસનાવાળી કોઈ પણ વસ્તુઓ છોડો નહિ. બધું બહાર લઈ જાવ અને બાળી નાખો."

વહાલાઓ, આ ઇશ્વરની ધર્મજાગૃતિની કલ્પના છે! આ સર્વ આપણા હૃદયના દરેક ખાના સાફ કરવા વિશે છે જે અશુદ્ધ અને અપવિત્ર છે. તે અંધારાની કોઈ જગ્યા છોડવા માગતો ન હતો!

આવો આત્મિક અધિકાર નહેમ્યાહે ક્યાંથી મેળવ્યો, જે સમાધાનીઓ માટે મંદિરનું કારણ બને? તે અધિકાર રાજાએ તેને આપ્યો ન હતો. તે તે બાઈબલની શાળામાં શીખ્યો ન હતો.

ના, નહેમ્યાહે તેનો અધિકાર પોતાના ઘુંટણિયે પડીને, રડીને, ભાંગી જઇને, ઇશ્વરનું હૃદય જાણીને મેળવ્યો હતો. અને કારણ કે તે પ્રાર્થનાવાદી હતો, તેથી તે આખા દેશના પાપ કબૂલ કરી શક્યો હતો. "તું ધ્યાન દઈને મારૂં સાંભાળ, ને મારી આંખો ઉઘાડ, તારા સેવકની પ્રાર્થના છે કે ઇસ્ત્રાએલપુત્રોએ જે પાપો તારી આજ્ઞાની વિરૂદ્ધ કર્યા છે તેઓનો ઇકરાર કરતાં રાતદિવસ તારી સંમુખ તારા સેવક ઇસ્ત્રાએલપુત્રોને સારૂં હું પ્રાર્થના કરૂં છુ, તે તું સાંભળ; હા, મેં તથા મારા પૂર્વજોએ પાપ કર્યુ છે. અમે તારી વિરુદ્ધ ઘણો દુરાચાર કર્યો છે, જે આજ્ઞાઓ, વિધિઓ તથા હુકમો તે તારા સેવક મૂસાને ફરમાવ્યાં, તે અમે પાળ્યા નથી." (નહેમ્યાહ ૧:૬,૭)

## ઇકો ઓફ હીજ કોલ ભાગીદારો

ઇશ્વરની કૃપાથી ઇકો ઓફ હીજ ભાગીદારોના સક્રિય સહયોગથી **ઇકો ઓફ હીજ કોલ**ની વિવિધ મિનિસ્ટ્રીજ શક્ય થઈ શકી છે, જે નીચે મુજબ છે.

૧. **પ્રાર્થના ભાગીદારો :** એવી વ્યક્તિઓ જે **ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી** માટે નિયમિત ધોરણે પ્રાર્થના કરે છે અને ખાસ પ્રાર્થનાસભાઓ ભરાવે છે.

૨. **લવાજમ ભાગીદારો :** એવી વ્યક્તિઓ જેઓ **ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીનાં** સામયિકને ધરી રાખે છે તેમના **નિયમિત વાર્ષિક લવાજમ** મારફત.

૩. **જીવન ભાગીદારો :** એવી વ્યક્તિઓ જેઓ અમુક વખતે **રૂ.૨૦૦૦/-** અથવા વધું **સહાય** મોકલે છે.

૪. **વિશ્વાસના ભાગીદારો :** એવી વ્યક્તિઓ જેઓ માસિક સહાય ઇકો ઓફ હીજ કોલની પ્રવૃત્તિઓ માટે મોકલે છે.

૫. **મહાન આદેશના ભાગીદારો :** એવી વ્યક્તિઓ જેઓ કોઈ પણ સંપ્રદાયની મર્યાદા વગર દરેક મંડળીઓ માટે અને મિશનરી સંસ્થાઓ માટે ઇશ્વરનું કાર્ય કરે છે.

**ધ્યેય** : વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨). સહાય કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨ તિમોથીને ૧લો પત્ર ૧:૬).

અમે તમને દેશનો વારસો મેળવવા આનંદ સાથે આ કોઈ પણ આત્મિક સૈન્યમાં જોડાવા આમંત્રણ આપીએ છીએ. ઇશ્વર તમને પુષ્કળતાથી બદલો આપશે.

**પાળક એસ. સામ સેલ્વરાજ**
**98412 71858 / 98410 71858**

**ત્યાં હજકિયેલના સમયમાં ધર્મત્યાગ અને પાછા હઠવાનો આંચકો આપતો અહેવાલ હતો-અને આવા સમયમાં ઇશ્વર તેના સાક્ષીરૂપ બન્યા હતા!**

હજકિયેલના સમયમાં ઇસ્ત્રાએલ લંપટ અને ગર્વિષ્ઠ બન્યા હતા. માણસો તેમના પડોશીની પત્નિઓ સાથે જુગુપ્સાભર્યા કામો કરતા હતા અને તેમની વહુઓને પણ અશુધ્ધ કરતા હતા. એક સમયનાં પવિત્ર પ્રબોધકો પાછા હઠી ગયા હતા, ધનનાં પ્રેમમાં અને પવિત્ર અને અપવિત્ર વચ્ચેની સમજદારી રાખતા ન હતા. અને દેશના સરદારો ભુખ્યા વરૂઓ બન્યા હતા. અપ્રમાણિક ફાયદો શોધતા રક્ત વહેડાવતા, અસત્ય બોલતા હતા અને ગરીબોને ત્રાસ આપતા હતા. આ આપણા જમાનાનાં જેવું લાગે છે!

ઇસ્ત્રાએલ ઇશ્વરના માર્ગો ભુલી ગયું, તેથી યહોવા દેવે તેમને કહ્યું, "ઇસ્ત્રાએલનું ઘર મારા માટે અશુદ્ધ બન્યુ છે." દુન્યવી રીતે, દેશ ઘણો નબળો અને શક્તિહિન થયો હતો કે ઇશ્વરે તેમને બીનસાંપ્રદાયિક દુનિયામાં હાસ્યાપદ બનાવી દીધા હતા. તેમણે કહ્યું, "માટે મેં તને સર્વ પ્રજાઓની નજરમાં મહેણારૂપ તથા સર્વ દેશોની આગળ હાંસીપાત્ર કર્યુ છે." (હઝકિયેલ ૨૨:૪).

કેવો ખરાબ ડામ જેવો આરોપ! ઇશ્વર ઇસ્ત્રાએલને કહી શક્યા હતા. "તે મારી પવિત્ર વસ્તુઓને તુચ્છ ગણી છે, ને મારા સાબ્બાથોને ભ્રષ્ટ કર્યા છે. તારામાં તેઓએ લંપટપણું કર્યુ છે. હું તારી સાક્ષી લઈ લેવાનો છું."

હજકિયેલ પ્રબોધક તે સમયે વૃધ્ધ પુરૂષ હતો, તેનો પૃથ્વી પરથી જવાનો સમય પાસે આવ્યો હતો. તેથી ઇશ્વરે પરિસ્થિતિને કેવી રીતે સંભાળી? તેમણે હઝકિયેલને કહ્યું, "તેઓની અંદર મેં એવો માણસ શોધ્યો કે જે આડરૂપ થઈને મારી તથા દેશની વચ્ચે છીંડામાં ઊભો રહીને મને એનો નાશ કરતાં વારે; પણ મને અંવો એકે માણસ મળ્યો નહિ." (હઝકિયેલ ૨૨:૩૦).

કલ્પના કરો-ઇશ્વર એક ન્યાયી માણસને શોધી શકે, તેના પર ભરોસો રાખી શકે, જેના પર ઇસ્ત્રાએલનું ભવિષ્ય હતું. તો પણ તેમણે હઝકિયેલને કહ્યું, "પણ મન એવો એકે માણસ મળ્યો નહિ. એ માટે મેં મારો કોપ તેમના પર રેડ્યો છે; મારા ક્રોધરૂપી અગ્નિથી મેં તેમને ભસ્મ કર્યા છે.." (હઝકિયેલ ૨૨:૩૦,૩૧)

ઇશ્વરે તે જ બાબત યર્મિયા પ્રબોધકને કહી હતી, "યરૂશાલેમનાં મહોલ્લાઓમાં આમતેમ ફરો, અને જુઓ ને જાણો, ને તેના ચોકોમાં શોધો, ન્યાય કરનાર અને સત્યને માર્ગે ચાલનાર એવો કોઈ પુરૂષ મળે, એવો એક પણ હોય, તો હું તેને ક્ષમા કરીશ." (યર્મિયા ૧:૫). તેમણે પ્રબોધકને કહ્યું, "હું સંપૂર્ણ દેશને ક્ષમા કરીશ જો હું એક પણ માણસને શોધી શકું જે છીંડામાં ઉભો રહી શકે. મને ફકત એક આત્મા જોઈએ છે જે સંપૂર્ણરીતે મારી ઇચ્છા મૂજબ કરે."

વહાલાઓ, આવો આપણે બાબિલનો અવાજ મંડળીમાં સાંભળીએ છીએ; વધુ સુસંગત, સમકાલીન માર્ગો માટે પોકાર કરે છે, દુનિયા સુધી પહોંચવા. અને ઘણા અસામાન્ય તાજા કાર્યક્રમોનો પ્રયાસ થાય છે. તો પણ મારી ઘણા વર્ષોની સેવામાં, મેં આવા કાર્યક્રમો આવતા અને જતા જોયા છે. તેઓ પૂર્ણ રીતે દૈહિક્તાને ખુશ કરવા પર આધાર રાખે છે; તેમને વધસ્તંભ સાથે કંઈ લેવા દેવા નથી. તેઓ જે ભીડ જમા કરે છે તે ખાલી, અપૂર્ણતા સાથે જીવે છે, ક્યારે પણ દુનિયાથી અલગ અને તેની લાલસાઓથી જુદા પાડવાની સુવાર્તાના સંપર્કમાં આવ્યા નથી. દુનિયા આ કાર્યક્રમનો ઉપહાસ કરે છે, તેમને ફક્ત માત્ર મુર્ખતા તરીકે માન્ય કરીને.

કોઈ પણ સેવક અથવા પવર્તક આવા ફીતરાંનો વિકાસ કરે છે. એક વ્યક્તિ શેતાન તરીકે જીવી શકે છે અને સાથે સાથે ઇશ્વરીય કાર્યક્રમો પણ અમલમાં મૂકી શકે છે. હકિકતમાં, તમારી પાસે તીક્ષ્ણ મગજ અને એક સીઇઓની વ્યુહરચના હોવાની જરૂર છે, એક મોટા ચર્ચને બાંધવા માટે. વળી, જો તમે તે ઇશ્વરથી અલગ કરો છો તેમના ન્યાયપણા અથવા પવિત્રતા વગર તે તેના નસકોરામાં દુર્ગંધ હશે. તે સુવાર્તા સાચી સાક્ષીરૂપ નહિ હોય. તેને છોડાવવાનો કોઈ અધિકાર નથી!

મેં ઘણા વર્ષોથી નોધ્યું છે કે જેટલો ઉપદેશક પાછો હઠનારો બને, તે વધુ મનોરંજક સુવાર્તાનાં અને "નવા કામો" તરફ વળે છે. અને ભીડને લાવવા માટે. તેની સફળતા નક્કી કરવા માટે તે સંખ્યા અને નાણા પર આધાર રાખે છે. પણ ત્યાં આવા કામોની સાથે સાક્ષી હોતી નથી કારણ કે તે બીજી સુવાર્તા હોય છે, બીજા ઇસુ વિશે!

એક સાચા ઇશ્વરીય પાળક પાસે તેમની મિનિસ્ટ્રીજમાં ફકત એક જ ધ્યેય હોય છે: તેના આત્માને આરામ ન આપવો જ્યા સુધી તેણે તેના જીવનમાં દરેક ભાગમાં ઇસુ પ્રભુનો મુગટ પહેર્યો છે અને તેને પોતાને અને તેના ઘેંટાને પવિત્ર આત્મામાં અધિકારની સત્તા હેઠળ લાવવા!

**કોઈ પણ વ્યક્તિ જેનું જીવન સાક્ષીદાર બને છે સુવાર્તાના સામર્થ્યને રાખીને, તે શેતાનના કોપનો મુખ્ય નિશાન બને છે!**

જો તમે ખ્રિસ્ત માટે ભુખ્યા અને તરસ્યા થશો, તો શેતાન તમારી સામે સીધી લડાઈ જાહેર કરશે. જ્યારે તેને પ્રમાણ મળશે કે તમારી પ્રતિબદ્ધતા ખરી છે-તમારી પ્રાર્થનામાંની ખંત, તમારી જાતનો નકાર-તે નરકના સર્વ હથિયારોનો તમારી સાક્ષીનો નાશ કરવા ઉપયોગ કરશે. કેમ? તે સાક્ષી ધર્મત્યાગ અને વિનાશ માટે ઇશ્વરનો જવાબ લે છે.

દાનિયેલની વાર્તામાં આજ સગળતી ભઠ્ઠી છે. શેતાને એક વિસ્તૃત યોજના બાબિલમાં ઘડી, ઇશ્વરના સામર્થ્યની એક માત્ર બચેલી સાક્ષીને વિનાશ કરવાની. તે એક સફેદ ગરમ ભઠ્ઠીમાં તૈયાર થઈ હતી. ઇશ્વરના સુવાતાના સત્યતાનાં જીવંત પૂરાવાને મારવા માટે.

ત્રણ ધાર્મિક જુવાન ઇસ્ત્રાએલીઓએ બાબિલના ઉચ્ચ રાજ દરબારમાં સેવા આપી હતી એવા ત્રણ માણસો જેઓએ સુવાર્તાનો ઉપદેશ આપ્યો હતો અને તેના દર્શનના સાક્ષીરૂપ હતા. તેમણે બાબિલની વ્યભિચારી જીવનશૈલીથી પોતાને અલગ રાખ્યા હતા, પ્રાર્થનામાં સર્મપિત રહીને. આ ત્રણ માણસો કોઈ પ્રબોધકો કે યાજકો નહતા પણ સામાન્ય માણસો હતા. અને આ મુર્તિપૂજાવાળી પ્રજાની વચમાં તેઓ ઇશ્વરને વિશ્વાસુ અને શુદ્ધ હૃદયવાળા રહયા હતા.

અલબત્ત, તેથી શેતાનનો ક્રોધ ભડક્યો હતો અને તેણે બાબિલના દુષ્ટ રાજાના હૃદયમાં પ્રવેશ કર્યો. તરત જ રાજાએ એક મોટી સોનાની

મૂર્તિ ઊભી કરી અને તેને સતાવાર રાષ્ટ્રિય દેવ જાહેર કર્યો, જેની પૂજા કરવાની હતી. અને તેણે સર્વ રાજ્યો, જે બાબિલના અધિકાર હેઠળ હતા, તેના સર્વ અધિકારીઓને અને સેવકોને બોલાવ્યા, જેથી તે નવા ધર્મનો તેમને પરિચય કરવી શકે. જ્યારે સમારોહનું સંગીત શરૂ થાય ત્યારે દરેક જણે આ નવા દેવની આગળ ઘુંટણિયે પડવાનું હતું.

શેતાને રાજાને એક ઇટની સળગતી ભટ્ટી બનાવવા માટે ઉશ્કેર્યો જેથી તેની સફેદ ગરમ જવાળાઓ દરેકને દેખાય. હું તમને પૂછું છું શેતાને આ કેમ કર્યુ? નક્કી તેણે જાણ્યું કે આ નવા હુકુમ સામે બાબિલમાંનો કોઈ પણ અધિકારી, ન્યાયધીશ અથવા નગરશેઠ વિરોધ કરશે. તેમને ધમકાવવાની કે લાલચાવવાની જરૂર નહોંતી.

અલબત્ત, તેઓ બધા બહેરા થયા હશે, એમ વિચારતા કે, "હે, કોણ હોડીમાં ચઢવા માંગે છે? આપણે માટે આ સારૂં છે આપણી પાસે મિલ્કત, અન્ન અને પાણી છે, સારૂં જીવન. અને આ નવો ધર્મ આત્મામાં સહેલો છે. કોણ આ બધુ છોડવા તૈયાર થાય?"

તેથી સળગતી ભટ્ટી વિશે શું હતું? તે સંપૂર્ણ શેતાનનું કામ હતું-તે ત્રણ સામાન્ય માણસોને મારવાનું કાવતરૂ. તે બાબિલમાંની ઇશ્વરની એક માત્ર રહેલી સાક્ષીને મારી નાખવા માગતો હતો!

શેતાન એટલે સુધી આગળ વધ્યો કે રાજાને અને તેના રાજ્યને ભ્રષ્ટ કર્યો ફકત આ ત્રણ માણસોને મારવા. તેણે એવી કઠીણ પરિસ્થિતિ નિર્માણ કરી, વધુ જોખમ સાથે, કોઈ પણ તેના માનવીય બળમાં-કોઈ પણ ધાર્મિક જુવાન માણસ પણ તેનો વિરોધ કરી ન શકે.

તો પણ સંગીતના પ્રથમ અવાજ સાથે, તેઓ ઘુંટણિયે પડ્યા નહિ. આથી શેતાન ગુસ્સે થયો. ત્યારે રાજાના મુખમાંથી આ ભયાનક શબ્દો નીકળયા, "અને મારા હાથમાંથી છોડાવે એવો દેવ કોણ છે?" (દાનિયેલ ૩:૧૫). "ભટ્ટી હમેશાં ગરમ કરવામાં આવતી હતી તે કરતાં સાતગણી ગરમ કરવી." (દાનિયેલ ૩:૧૯).

હવે શેતાનની નજર ઇશ્વરના સેવકો પર હતી, તેઓને ધમકાવતા, "તમે તમારા મનમાં પોતાને શું માનો છો? શું તમે મેં જે ભાવી તમારા માટે ઘડ્યું છે, તેમાંથી છટકી શકશો? હું તમને નીચે લાવીશ અને તમારી સાક્ષીનો પૂર્ણપણે નાશ કરીશ!"

આજે તેવી જ રીતે, જે ગરમીનો સામનો આપણો કરી રહ્યા છે, તે પેઢીઓ પહેલાના કરતા વધુ ગરમ છે. દાખલાતરીકે, આપણા જમાનાની સંપૂર્ણ તકનીક શેતાને ખરાબ કરી છે-તેને પ્રલોભન, વિષયવાસના, લાલસા અને લોભ સાથે ભ્રષ્ટ કરીને. આજે આપણે કેમ આવી સફેદ ગરમ ભટ્ટીના લાલચનો સામનો કરી રહ્યા છે? દરેક ઉત્પાદનની કલ્પનીયતા માટે લૈંગિકતા અને લાલસાનો ઉપયોગ કેમ થાય છે? કેમ ઇંટરનેટ પર હજારો અશ્લીલતાની વેબસાઈટ છે? આ મલિનતાના પૂરનાં લક્ષ કોણ થાય છે?

ચોક્કસ પવિત્રશાસ્ત્રની રીતે આ નબળા લોકો નથી-જેઓ પહેલેથી જ શેતાનના બાળકો છે. આ બીનસંપ્રદાયિત દુનિયા નથી, જે પહેલેથી જ લાલચાયેલી છે. ના શેતાનના નિશાન પર આ કોઈ નથી. તેને બદલે, તેણે માધ્યમમા હેરફેર કરી છે ખ્રિસ્તીઓનાં ઉભરાતા હૃદયોને તોડવા. તે સુવાર્તાની સાક્ષીને નબળી કરવા અને નાશ કરવા માગે છે.

અત્યારે ઘણા વિશ્વાસીઓનાં જીવન પર આ સળગતી ભટ્ટી સાત વાર ગરમ કરવામાં આવી છે. શેતાને તેમના ઘરોમાં, નોકરીઓમાં અને તેમના સંબંધોમાં પરિસ્થિતિ નિર્માણ કરી છે, જે વધુ તીવ્ર છે. તેઓ સહાય માટે વધું પ્રાર્થના કરતા નથી. તેઓ વિચારે છે, "મારી સતાવણી મારા બચાવ કરતા વધુ તીવ્ર છે."

> **ઇશ્વરની સ્તુતિ થાઓ, આ ત્રણ માણસોએ તેમની સાક્ષી રાખી અને શેતાનની યોજના દબાવી દીધી!**

ઇશ્વરે શેતાનની યોજનાને એક તકમાં ફેરવી નાખી બાબિલના આખા રાજ્યમાં તેમની સાક્ષી ખુલ્લી કરવા. કારણ કે આ ત્રણ જુવાન સામાન્ય માણસો ઘુંટણિયે પડ્યા ન હતા, તેથી ઇશ્વરે તેમને છોડાવ્યા હતા. અને તેઓ દેશ આગળ પ્રભુ ઇસુ ખ્રિસ્તનો ચોખ્ખો સાક્ષાત્કાર લાવ્યા!

બાબિલના રાજાએ સાક્ષી આપી, " શું આપણે એ ત્રણ માણસોને બાંધીને અગ્નિમાં નાખ્યા નહોતા?" જુઓ! તેણે જવાબ આપ્યો, "હું ચાર માણસોને અગ્નિમાં છુટા ફરતા જોઉ છું. વળી તેઓને કંઈ ઇજા થઇ નથી. અને ચોથાનું સ્વરૂપ તો દેવપુત્રના જેવું છે." (દાનિયેલ ૩:૨૪,૨૫).

અચાનક રાજાએ પોતાની પ્રથમ મુર્તિપૂજાને બંધ કરી નાખી અને તેણે ઝડપથી આ નવો હુકમ જાહેર કર્યો, " માટે હું એવો હુક્મ ફરમાવું છું કે જે કોઈ માણસ પ્રજા કે હરકોઇ ભાષા બોલનાર લોક શાદ્રાખ, મેશાખ તથા અબેદ-નગોના દેવની વિરૂદ્ધ કંઈ પણ અયોગ્ય બોલશે, તે સર્વના કાપીને ટુકડેટુકડા કરવામાં આવશે, ને તેમનાં ઘરોનો ઉકરડો કરી નાખવામાં આવશે; કેમ કે આવી રીતે પોતાના સેવકોને છોડાવી શકે એવો બીજો કોઈ દેવ નથી." (દાનિયેલ ૩:૨૯).

વહાલાઓ, આ બધુ આ ત્રણ માણસો-દેવના વહાલા ન્યાયી માણસોને કારણે થઈ શકયુ, જેઓ પોતાની ઇચ્છાથી તેમના જીવનો વિશ્વાસમાં સોંપવા તૈયાર થયા હતા. આ ત્રણ નમ્ર માણસો દેશમાંના હુકમો બદલવા માટે જવાબદાર બન્યા હતા!

હા આર્થિક રીતે, શારીરીક રીતે, માનસિક રીતે, આત્મિક રીતે અને દરેક રીતે બાબતો ગસ્મ થવાની છે. પણ ઇશ્વરે દરેક જગ્યામાં જુદા ધાર્મિક માણસો અને સ્ત્રીઓ પર પોતાને હાથ મૂક્યો છે. અને તેમની સુવાર્તાની સાક્ષીરૂપ તરીકે પ્રચાર કરવામાં આવશે.

અને ત્યારે ઇશ્વર આવશે!

◆◆◆


**તાકીદની જરૂર**

**ઉર્દુ ઇકો ઓફ હીજ કોલ**

અમને ઇકો ઓફ હીજ કોલ માટે ઉર્દુ અનુવાદકની તાકીદે જરૂર છે. અમે મહેનતાણું અને અન્ય ખર્ચ દર મહિને ચૂકવીશું.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

વોટ્સઅપ અને મોબાઈલ

98410 71858 / 98412 71858



# ખાડામાંથી મહેલમાં

(Life experiences of Pastor S. Sam Selva Raj)

*"whoever reads, let him understand"* (Matthew 24:15)

## "આવો તેમની અવર્ણનીય ભેટો માટે ઇશ્વરનો આભાર માનીએ!"

**બાપ્તિસ્મા હોજની વાત**

મારા શરૂઆતના દિવસોમાં, મને ટેવ હતી સખત મેહનત સાથે અલગ સંસ્કૃતિ અને ભાષાઓના વણબચેલા લોકો સુધી પહોંચવાની, તેમને વિવિધ ભાષાઓમા સુવાર્તા વેહેંચવી, મારી અંગત મુલાકાતો, ચર્ચ પ્રવૃત્તિઓ, સામુદાયિક વિકાસ કાર્યક્રમ દ્વારા. ઇશ્વરે મને કૃપાળુ રીતે જીવનોને સ્પર્શવાની અને મોટી સંખ્યામાં નવા આત્માઓને બાપ્તિસ્મા આપવામાં સહાય કરી. પણ અનેપેક્ષિત રીતે મારી પાસે બાપ્તિસ્મા વિધિ બજાવવા માટે કોઈ હોજ રહયો નહિ.

તેથી, હું ખાનગી તરણ હોજનો ઉપયોગ બાપ્તિસ્મા વિધિ/સેવા બજાવવા કરતો હતો. પ્રભુ ઇસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારીને જેઓ આગળ આવતા હતા, એવા નવા આત્માઓની સંખ્યા વધવા લાગી, તેથી તે તરણહોજના માલિકે મને તેમનો તરણ હોજ વાપરવાની ના પાડી. તેથી હું અન્ય બીજા ચર્ચોના બાપ્તિસ્મા હોજ હતા તેનો ઉપયોગ તેમની આગોતરી પરવાનગી લઈને અને કેટલાક નાણા ચૂકવીને બાપ્તિસ્મા સેવાઓ માટે કરતો હતો.

કેમ કે જે લોકો પ્રભુની પાસે આવતા હતા, તેમની સંખ્યા દિવસે ને દિવસે વધવા લાગી,તેથી સ્થાનિક ચર્ચોને પણ હું કંટાળારૂપ થઈ પડ્યો. અંતે, હું એક ચર્ચના વડિલ પાળકને મળ્યો અને તેમને તેમનો બાપ્તિસ્મા હોજ મને વાપરવા આપવા આજીજી કરી. તેમણે મને કેટલાક સમયની પરવાનગી આપી. એક સુંદર સવારે તેમણે મને ફોન કરીને બોલાવ્યો અને કહયું, "ભાઈ સામ, મને આનંદ થાય છે કે વણખેડાયેલા લોકો સુધી પ્રભુ ઇસુ ખ્રિસ્તની સુવાર્તા પહોંચાડવા ઇશ્વર તમારો ઉપયોગ કરી રહયા છે અને અમારા હોજમાં તેમને બાપ્તિસ્મા આપો છો. પણ મેં નોંધ્યું છે કે તમે વિભિન્ન લોકોને અલગ અલગ પાશ્ચભૂમિમાંથી લાવો છો અને બાપ્તિસ્મા આપો છો. હવે હું જોખમ લેવા માગતો નતી. તેથી મહેરબાની કરીને મને માફ કરો, હવે પછી હું તમને પરવાનગી આપી શકુ તેમ નથી."

આ વાતથી હું ખરેખર દુઃખી થયો હતો કેમકે હું થોડાક મહિનાઓ સુધી બાપ્તિસ્મા આપી શકવાનો ન હતો. પણ નવા આત્માઓ બાપ્તિસ્મા માટે મારા પર દબાણ કરતા હતા. ૧૯૮૦ના વર્ષમાં એક દિવસે, મારા હદયમાં ભારે બોજ સાથે, મેં ઇશ્વરને પ્રાર્થના કરી અને ત્યાર બાદ હું મારા ઓરડામાંથી બહાર ન નીકળતા, મારી પ્રાર્થના કરવાની શેતરંજી પર આડો પડયો હતો કેમ કે હું જાણતો હતો કે પ્રાર્થના માટે હવે વધુ શબ્દો ન હતા. કેટલાક વખત પછી, ઇશ્વરના આત્માએ મારી મુલાકાત લીધી અને મને ઊભા થવા અને ઇશ્વરની મહાન બાબતો માટે પ્રાર્થના કરવા પ્રોત્સાહિત કર્યો. તે મૂજબ, મેં અમારા ચર્ચને એક મકાનમાં સમાવી શકે, તે માટે પ્રાર્થના કરી, જેમાં સગવડવાળો બાપ્તિસ્મા હોજ, કાર્યાલય, છાપખાનું, રહેવાનું મકાન વગેરે હોય. ઇશ્વરે મારી સાથે સ્પષ્ટ વાત કરી કે મારી પાસે જે મિલકત અને નાણાં હતા, તે આપી દેવા હું તૈયાર થાવ. જેમ, ઇશ્વર દ્વારા કહેવામાં આવ્યું હતું, મેં મારી પાસે જે કંઇ હતું, તે કોઈ પણ ખચકાટ અને બીજા વિચાર વગર ઇશ્વરની સેવામાં આપી દીધું. જો કે મારો અંગત ફાળો ઓછો હતો, તો પણ ઇશ્વરે મને આશીર્વાદ આપ્યો કે હું વર્તમાન જગ્યા મેળવી શક્યો, જેમાં સર્વ મિનિસ્ટ્રીયલ સગવડો હતી. તે મિલકત મેળવ્યા પછી, મારી પ્રાથમિકતા હતી કે એક બાપ્તિસ્મા હોજનું બાંધકામ કરું (જેમ આજે અમારી પાસે છે.) આપણી પાસે કેવો અદ્દ્ભૂત ઇશ્વર છે.

વહાલા મિત્રો, ઇશ્વરે તમને પણ ખાસ હેતું માટે પસંદ કર્યા છે. તમારી જાતને અને જે ઇશ્વરે તમને બોલાવ્યા છે, તેમને ઓછા ન આંકો. કોઈ પણ જાતના સ્વાર્થ વગર અને દુષ્ટ વિચારો વગર, જો તમે તેમની પાસે જશો, જેમ બાળક તેના બાપ પાસે જાય છે તેમ, અને તેમના પગ આગળ તમારી મુશ્કેલીઓ અને સમસ્યાઓ ઠાલવી દેશો તો, તમે અદ્દ્ભૂત અને આશ્ચર્યકારક ઇશ્વરનો હાથ તમારા જીવનમાં જોશો. તેથી વધુ વિચાર કરવામાં સમય ન બગાડો. "એ માટે તમે પોતાના મનની કમર બાંધીને સાવધ રહો, અને ઇસુ ખ્રિસ્તના પ્રગટ થવાની વેળાએ તમારા પર જે કૃપા થશે તેની પૂર્ણ આશા રાખો. આજ્ઞાંકિત છોકરાં જેવા થાઓ, અને તમારી પૂર્વની અજ્ઞાન અવસ્થામાં રાખેલી દુર્વાસનાની રૂએ ન વર્તા. પણ જેણે તમને તેડ્યા છે, તે જેવો પવિત્ર છે તેવા તમે પણ સર્વ પ્રકારના આચરણમાં પવિત્ર થાઓ." (૧ પિતરનો પત્ર : ૧:૧૩-૧૫)

◆◆◆

### એક પ્રેમકરી વિનંતી

જેમ તમે જણો છો અમારી જરૂરીયાતો જેવી કે કાર્યાલયવર્ગનો પગાર, કાગળ ખરીદવાનો ખર્ચ અને મૂસાફરી ખર્ચ પૂરા કરવા માટે અમે સખત તંગી અનુભવીએ છીએ. સાધારણરીતે અમે અમારી નાણાંકિય જરૂરીયાતો માટે બીજાઓને કહેતા નથી. પણ અમે એવા લોકો, જેઓ આ મિનિસ્ટ્રીને ખરેખર ચાહે છે, તેમને વિનંતી કરીએ છીએ કે તમારા દાનો મનીઓર્ડર, ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ, ફોન પે, એનઇએફટી અથવા અન્ય પદ્ધતિથી મોકલી શકો છો. અને આ મિનિસ્ટ્રીમાં અમને સહાય કરી શકો છો.

વધુ માહિતી માટે કોલ કરો– +91 98412 71858.

**સંપાદક-ઇકો ઓફ હીજ કોલ**
**એસ. સામ સેલ્વરાજ**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-**

**આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાકીય મદદો (ડી.ડી.દ્વારા, ચેક, મનીઓર્ડર દ્વારા વગેરે) **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલા સરનામા પર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

ECHO OF HIS CALL
10, MOHAMMED ABDULLAH 2nd STREET,
CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH : (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766
CELL : (+91) 98410 71852, 95661 31858
E-mails : sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites : www.echoofhiscall.org / www.echoofhiscall.com
YOU CAN SEND YOUR DONATIONS ON ONLINE ALSO

## PLEASE PRAY FOR OUR MINISTRIES AT THE HEADQUARTERS

1. Prayer Service : 24 hours
2. **BIBLECOR -** Bible Correspondence Courses : English, Tamil & Hindi
3. **ECHO OF HIS CALL** - Monthly Magazines : English, Tamil, Malayalam, Telugu, Hindi, Kannada, Marathi, Gujarati, Bengali, Odiya, Nepali, Assamese, Punjabi, Urdu, Sinhala & Afrikaans.
4. Nehemiah Bible Colleges (Two Centres)
5. Theological Correspondence Courses: English & Tamil
6. Great Commission Partners (Network of Pastors)
7. Training Programmes
8. Crusades
9. Literature Distribution and Follow Up
10. Gospel Printing Press - Publications
11. St. Paul's Matriculation School - Village English High School
12. Sunday Schools : 8.30 a.m. & 4.00 p.m. Sunday
13. **Tamil Services : 5.30 a.m. , 7.00 a.m. & 10.00 a.m. Sunday**
14. **Malayalam Service : 3.00 p.m. Sunday**
15. **Telugu Service : 4.00 p.m. Sunday**
16. **Hindi Service : 5.00 p.m. Sunday**
17. **English & Tamil Service : 6.00 p.m. Sunday**
18. Pastors' Counselling : 4.00 p.m. Sunday
19. Women's Prayer : 5.30 p.m. Wednesday
20. Mid-week Bible study : 6.30 p.m. Wednesday
21. Men's Prayer : 7.00 p.m. Friday
22. Workers' Meeting : 6.00 p.m. Saturday
23. House Meetings : 6.30 p.m. Monday & Tuesday
24. Special Holy Communion : 5.30 a.m. 1st day of each month
25. Ministers Review Meeting : 5.30 p.m. First Saturday
26. Parents' Prayer : 4.00 p.m. First Sunday
27. Night Prayer : 9.30 p.m. Second Friday
28. Fasting Prayer : 9:30 a.m. Third Saturday
29. Holy Communion : Second Sunday Services
30. Morning Devotion : 5.30 a.m. daily
31. Staff Devotion : 9.00 a.m. daily
32. Office : 9.00 a.m. to 9.00 p.m. (except Sunday)

**The details of our Bank Accounts are given below. Please inform us the details of your remittances.**

| Bank | Branch | Name | IFSC Code No. | Account Number |
|---|---|---|---|---|
| 1. STATE BANK OF INDIA | Triplicane, Chennai -5 | S. Sam Selva Raj | SBIN 0000249 | 102329 34679 |
| 2. ICICI BANK | Anna Salai, Chennai -2 | Echo of His Call | ICIC 0006038 | 6038 05022319 |

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/21-23
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th FEBRUARY 2021
If un-delivered please return to:
ECHO OF HIS CALL (GUJARATI)
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from No.18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers** No. 18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**